(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. અણુપાલિયં | **પાલન કરેલ** | ૨. સુદિટ્ઠ | **ભલી દષ્ટિથી જોયા છે** |
| ૩. ખમાસમણાણં | **ક્ષમાવંત સાધુજીઓની** | ૪. તિ કટ્ટુ | **એમ કરીને, વિચારીને** |
| ૫. જાવંતિ | **જેટલા પણ** | ૬. પચ્ચકખામિ | **પરિત્યાગ કરું છું** |

**(આ) ક્યા પાઠમાં છે તે લખો –** લક્ષણ – **પહેલા ખામણામાં** **(૨)**

નિરંજન – **બીજા ખામણામાં**

જીવા – **ક્ષમાપના સૂત્રમાં, સામાયિકના ત્રીજા પાઠમાં, પાંચમા શ્રમણસૂત્રમાં**

ભાવે – **માંગલિકમાં**

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પહેલા પાંચ પાપના નામ લખી તેના ભંગ કેટલા તેના કેવી રીતે?

**જ. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ. તેના ભંગ ૪૫. પાંચ પાપને કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણથી ગુણતા ૫×૩ = ૧૫ થાય. તે ૧૫ ને મન, વચન, કાયાથી ગુણતા ૧૫×૩ = ૪૫ થાય.**

૨. પ્રતિલેખનાના પ્રકાર કેટલા છે? ક્યા ક્યા? તેનો સમાવેશ શેમાં થાય છે?

**જ. ૨૫. ૬ પ્રતિલેખનાના વિવિધ પ્રકાર, ૬ અપ્રમાદ પ્રતિલેખના, ૧૩ પ્રમાદ પ્રતિલેખનાનો ત્યાગ. કરણસિત્તેરી.**

૩. કાઉસ્સગ્ગ શા માટે કરવામાં આવે છે?

**જ. ૧) પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે, ૨) આત્માને વિશેષ શુદ્ધ કરવા માટે, ૩) પાપ–કર્મોનો નાશ કરવા માટે, ૪) શલ્યોથી રહિત થવા માટે.**

૪. ચરિત્તાચરિત્તે એટલે શું?

**જ. પાપોનો સર્વથા ત્યાગ કરવો તેને ચારિત્ર કહે છે, પરંતુ શ્રાવક મિથ્યાત્વનો સંપૂર્ણ અને બાકીના પાપોનો આંશિક (શક્તિ પ્રમાણે) ત્યાગ કરે છે. તેથી શ્રાવકના વ્રતોને ચરિત્તાચરિત્તે કહે છે.**

૫. ત્રણ કોટિએ કેટલા અને ક્યા વ્રતો લેવામાં આવે છે? તેમાં કરણ કેટલા અને ક્યા?

**જ. ત્રણ. પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત, સાતમું ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત, દશમું દેશાવગાસિક વ્રત. તેમાં કરણ એક કરવું.**

(૫૫)

**પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(30)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૬)**

૧. અવાય – **નિર્ણય કરવો, મને ભાઈએ જ બોલાવ્યો છે મિત્રએ નહીં.**

૨. વ્યંજન અક્ષર શ્રુત – **ક, ખ, ગ વગેરે અક્ષરોનો ઉચ્ચાર. હ્રસ્વ, દીર્ઘ, કાનો, માત્રા, અનુસ્વાર વગેરેના સ્પષ્ટ ઉચ્ચારથી અક્ષરના અર્થની સ્પષ્ટતા થાય તે.**

૩. વર્ધમાન અવધિજ્ઞાન – **તે પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી તથા વિશુદ્ધ ચારિત્રના પરિણામે કરી, સર્વ પ્રકારે અવધિજ્ઞાનની વૃદ્ધિ થાય.**

૪. જ્ઞાની – **પદાર્થને જાણવાવાળો જીવ, અસંખ્યાત પ્રદેશી આત્મા.**

૫. મન:પર્યવજ્ઞાન – **મન:પર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના વ્યક્ત મનના પરિચિંતિત ભાવોને પ્રગટ કરનારું જ્ઞાન.**

૬. ચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન – **સયોગીના અંતિમ સમયનું કેવળજ્ઞાન.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. શ્રુતજ્ઞાનની પર્યાય કેટલી છે? (૩)

**જ. સંપૂર્ણ (અનંત) આકાશપ્રદેશોની સંખ્યાને સંપૂર્ણ આકાશપ્રદેશની સંખ્યા સાથે અનંતવાર ગુણાકાર કરવાથી શ્રુતજ્ઞાનનો અનંત અગુરુલઘુ પર્યાય અક્ષર થાય છે. અક્ષર એટલે જે ક્ષય થાય નહીં તેવું જ્ઞાન તે કેવળજ્ઞાન. તેવા કેવળજ્ઞાનની અનંત પર્યાય છે. તે પર્યાયના અનંતમા ભાગનું દરેક જ્ઞાન જીવને ઓછામાં ઓછું પ્રગટ રહે છે. નિગોદમાં પણ તેટલો અનંતમો ભાગ જ્ઞાન પ્રગટ રહે જ છે.**

૨. દેશ અવધિ કોને હોય? કોનું અવધિજ્ઞાન હીયમાન ન થાય? (૨×૫)

**જ. નારકી, તિર્યંચ, દેવતા, મનુષ્ય. જે ઉત્કૃષ્ટ અવધિ ક્ષેત્રને જુએ છે અથવા જે અલોકનો એક આકાશપ્રદેશ જોવાની પણ શક્તિ ધરાવે છે તેનું અવધિજ્ઞાન હીયમાન ન થાય.**

૩. શ્રુત નિશ્રિત અને અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન વચ્ચે શું અંતર છે? (કોઈપણ બે મુદ્દા)

**જ. શ્રુત નિશ્રિત – ૧) સાંભળવું, જોવું વગેરે રૂપે મતિ વિસ્તરે. ૨) ઈન્દ્રિય અને મનને આધારે ઉત્પન્ન થાય. ૩) જેમાં શીખેલા શ્રુતજ્ઞાનનો પ્રભાવ કામ આવે છે. ૪) બીજું નામ મતિ છે.**
**અશ્રુત નિશ્રિત – ૧) ન સાંભળેલું, ન જોયેલું તેમાં મતિ વિસ્તરે. ૨) ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય. ૩) જેમાં વિનય, કાર્ય, અભ્યાસ વગેરે કામ આવે છે. ૪) બીજું નામ બુદ્ધિ છે.**

૪. મહાભારત મિથ્યાશ્રુત ક્યારે કહેવાય?

**જ. જે મિથ્યાદૃષ્ટિએ મહાભારતને સમ્યક્ શ્રુત છે આવી મિથ્યા શ્રદ્ધાથી ગ્રહણ કરેલ હોય અને જ્યારે મહાભારત સમકિતી માટે મિથ્યાત્વનું કારણ બની જાય ત્યારે મિથ્યાશ્રુત કહેવાય.**

૫. એકાંત સમકિતીનું અવધિજ્ઞાન શેના આકારે હોય છે? તેનો વિષય કેટલો?

**જ. પાંચ અનુત્તર વિમાનનું અવધિજ્ઞાન જવનલિકા, કન્યાની કંચુકીને આકારે છે. તેનો વિષય જઘન્ય ઉત્કૃષ્ટ ૧૪ રાજલોકમાં કાંઈક ઓછું દખે. (સંપૂર્ણ લોકનાડી)**

૬. કાળથી મન:પર્યવજ્ઞાનનો વિષય લખો.

**જ. ઋજુમતિ જઘ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગની વાત જાણે દેખે, ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની ભૂત, ભવિષ્યકાળની વાત જાણે દેખે. વિપુલમતિ ઋજુમતિથી અધિક, સ્પષ્ટ, વિપુલ જાણે દેખે.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ માત્ર એક વાક્યમાં લખો. (૬)**

૧. માહેન્દ્ર દેવ ઊંચું અને તિર્છું કેટલું દેખે?

**જ. માહેન્દ્ર દેવ ઊંચું પોતપોતાની ધ્વજા સુધી દેખે અને તિર્છું અસંખ્યાતા દ્વીપ–સમુદ્ર દેખે.**

૨. મન:પર્યવજ્ઞાન આત્માથી કેવું છે? તે કોને જાણે છે?

**જ. પ્રત્યક્ષ, દ્રવ્ય મનને.**

૩. કેવળજ્ઞાન શા માટે સર્વ પ્રત્યક્ષ છે?

**જ. સમસ્ત રૂપી અને અરૂપી પદાર્થને જાણે છે.**

૪. પઈન્ના એટલે શું?

**જ. ભગવાનના શ્રી મુખેથી તેમના ચાર બુદ્ધિવાળા શિષ્યોએ જે અર્થ સાંભળીને જે રચના કરી છે.**

૫. ક્ષેત્રથી જાણપણું વધે તો બાકીના ત્રણમાં શું ફેરફાર થાય?

**જ. કાળની ભજના તથા દ્રવ્ય, ભાવથી જાણપણાની વૃદ્ધિ નિયમા.**

૬. શાસ્ત્રના અર્થ સમજે તે કઈ બુદ્ધિ છે? તેનો સમાવેશ ક્યા જ્ઞાનમાં થાય છે?

**જ. ઔત્પાતિકા બુદ્ધિ, મતિજ્ઞાન.**

**(૪) નીચેના શબ્દોને ઓળખો. (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. નિરંતર | **અવધિજ્ઞાન** | ૨. દ્વાદશાંગી | **શ્રુતજ્ઞાન** |
| ૩. જ્ઞાનને ધારણ કરવું | **મતિજ્ઞાન** | ૪. શાશ્વત | **કેવળજ્ઞાન** |
| ૫. અક્ષરના આકારનું જ્ઞાન | **શ્રુતજ્ઞાન** | ૬. સાધુ–સાધ્વીને જ થાય | **મન:પર્યવજ્ઞાન** |

**(આ) ચાર કષાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. વ્યાખ્યા લખો – ૧) બાંધ્યા – **કર્મનું આત્મા સાથે બંધાવું. નિદ્ધત કે નિકાચિત બંધ થવો.** **(૪)**

૨) તદુભય પ્રતિષ્ઠિત – **બંને માટે. જે ક્રોધ સ્વયં અને બીજા બંને પર થાય.**

૩) કષાય – **જેનાથી સંસાર વધે. જેમાં જીવો વિવિધ દુઃખો દ્વારા કષ્ટ પામે.**

૪) ઉપધિ – **ઉપરની ત્રણ સિવાયની બાકીની બધી સાધન–સામગ્રી માટે.**

૨. માયાના ભેદ કેટલા છે? કયા કયા? ત્રીજો ભેદ સમજાવો. (૨×૩)

**જ. ચાર ભેદ. આભોગ, અણાભોગ, ઉપશાંત, અણુપશાંત. ઉપશાંત : જે માયા ઉદય પ્રાપ્ત ન થાય તે. અંદરમાં માયા હોય પણ ઉપરથી શાંત દેખાતી હોય અથવા માયાના અભાવમાં જીવ જ્યારે અન્ય ૩ કષાયમાં હોય.**

૩. ૯૦૦ ભાંગા કેવી રીતે થાય? તે ટૂંકમાં સમજાવો.

**જ. ચણીયા, ઉપચણીયા, બાંધ્યા, ઉદીરણા, વેદ્યા, નિર્જર્યા આ છ દળિયાને ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ અપેક્ષાએ ૬×૩ = ૧૮, એ ૧૮ એક જીવ આશ્રી અને બહુ જીવ આશ્રી એમ ૩૬ ભેદ. તે સમુચ્ચય જીવ આશ્રી અને ૨૪ દંડક આશ્રી એ ૨૫×૩૬ = ૯૦૦ ભાંગા થાય.**

૪. કયા કષાય લાભે? કોઈની થાપણ હડપવા માયા કરી, છટ્ઠું ગુણસ્થાન ન આવવા દે, બહેન પર ગુસ્સો આવે, કોઈને કડવા વચનો કહેવા.

**જ. ઉપધિ, પ્રત્યાખ્યાનાવરણીય, પર પ્રતિષ્ઠિત, અણુપશાંત.**

**(ઈ) ચાર ધ્યાનના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. અર્થ લખો – ૧) ઉપદેશ રુચિ – **ધર્મ સાંભળવાની શ્રદ્ધા–રુચિ થવી.** (૪×૩)

૨) ક્રન્દન – **શબ્દ સાથે અશ્રુપાત કરવો.**

૩) ઉસન્ન દોષ – **હિંસા વગેરે કોઈ એક પાપમાં પ્રવૃત્ત રહેવું.**

૪) અવ્યય – **દેવ આદિના ઉપસર્ગથી ચલિત ન થવું.**

૨. રૌદ્રધ્યાનનું ચોથું લક્ષણ, ધર્મધ્યાનની ત્રીજું આલંબન, શુક્લધ્યાનની ચોથી અનુપ્રેક્ષા, આર્તધ્યાનનો પહેલો પાયો લખો.

**જ. આમરણાંત દોષ – મરણ પથારીએ પણ પશ્ચાત્તાપ ન કરવો. આખી જિંદગી સુધી દ્વેષ રાખવો.**
**પરિયટ્ટણા – શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન (ફેરવવું) કરવું.**
**વિપરિણામાનુપ્રેક્ષા – વસ્તુઓના વિવિધ પરિણામોનો વિચાર કરવો. શુભ પુદ્ગલ અશુભરૂપે તથા અશુભ પુદ્ગલ શુભરૂપે પરિણમે છે એમ વિચારવું.**
**મનોજ્ઞ વસ્તુની અભિલાષા કરવી.**

૩. જ્યારે ભરતમાં ચોથો–છટ્ઠો આરો હોય ત્યારે ઈરવત અને મહાવિદેહમાં કેટલા અને કયા કયા ધ્યાન હોય?

**જ. ચોથો આરો – ઈરવતમાં અને મહાવિદેહમાં ૪ ધ્યાન – આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**
**છટ્ઠો આરો – ઈરવતમાં ૨ ધ્યાન – આર્તધ્યાન, રૌદ્રધ્યાન અને મહાવિદેહમાં ૪ ધ્યાન – આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

| ૪. ખાલી જગ્યા પૂરો. | **જવાબ** | (૩) |
|---|---|---|
| ૧) શુભ ધ્યાનમાં ......... અને ......... છે. | **આલંબન, અનુપ્રેક્ષા** | |
| ૨) શુક્લધ્યાનનો બીજો પાયો ......... અને ......... હોય છે. | **૧૧ મે ગુણસ્થાને, ૧૨ મે ગુણસ્થાને** | |
| ૩) પ્રથમ બે ધ્યાન ......... અને ......... છે. | **હેય, અશુભ** | |

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રાત્રે પરઠવા માટે બહાર જતા શું ધ્યાન રાખવું? વિધિ કરવાની અન્ય પદ્ધતિ કઈ છે?

**જ. રાતે પરઠવા જતા મોઢા સિવાયના સંપૂર્ણ શરીરને વસ્ત્રથી ઢાંકીને બહાર જવું. રજોહરણથી પૂંજીને ચાલવું. સામાયિકના ૧ થી ૪ પાઠ પ્રગટ બોલી ત્રીજા પાઠનો કાઉસ્સગ્ગ કરવો. લોગસ્સનો પાઠ પ્રગટપણે બોલવો.**

૨. પચ્ચકખાણ શેની પાંખ આપે છે? શું સમજાવે છે? વ્રતધારીને શું પ્રાપ્ત થાય છે? કોનો મોક્ષ થતો નથી?

**જ. પાપભીરૂ આત્માને આચારરૂપી પાંખ આપે. જતનાએ ધર્મ સમજાવે. પાંચમું દેશવિરતિ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. અવ્રતીનો મોક્ષ થતો નથી.**

૩. જમાલી અને અશ્વમિત્ર શા માટે નિન્હવ થયા? નિન્હવ એટલે શું? તેઓ કોના તીર્થમાં થયા?

**જ. જમાલી – કાર્ય પૂરે થયે જ કાર્યની ઉત્પત્તિ માનવાવાળા. અશ્વમિત્ર – સર્વ ભાવોને ક્ષણિક માનવાવાળા. નિન્હવ એટલે મહાવીર વચન વિરાધક. તેઓ મહાવીર સ્વામીના તીર્થમાં થયા.**

૪. અચેત પાણી પીવાથી શેનો આસ્રવ આવતો નથી? શું બંધાય છે? શેનો લાભ મળે છે?

**જ. અચેત પાણી પીનારને લાખો કૂવા, નદી, તળાવ અને વિશાળ સમુદ્રોના પાણીની હિંસાનો આસ્રવ આવતો નથી. તીર્થંકર નામ કર્મ બાંધી શકાય. રસનેન્દ્રિય જીતવાનો, તપ, સાધુ–સાધ્વીને અચેત પાણી વહોરાવવા નો અને શ્રાવક–શ્રાવિકાને પાણી પીવડાવી શાતા પમાડવાનો લાભ મળે.**

૫. કડવા શબ્દો પ્રત્યે અણગમો શા માટે ન કરવો? અણગમતું ભોજન મળે ત્યારે શું ન વિચારાય? (૩ મુદ્દા)

**જ. અશાંતિનું કારણ છે. ૧) રસોઈ બનાવવામાં ક્યારેય ઢંગધડો હોતો જ નથી. ૨) ખબર છે આ ફાવતું નથી તો બીજું બનાવવું જોઈએ ને. ૩) આના કરતા તો હોટેલમાં જમી લઈએ તો રોજની રામાયણ તો નહીં. ૪) કામમાં મન હોતું નથી વાતોમાં જ મન હોય છે. ૫) કામ ગમતું જ નથી બસ વેઠ જ ઉતારવી છે.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ૩ થી ૪ લીટીમાં લખો.**

૧. સકડાલ પુત્રએ ગોશાલકને શું આપ્યું? શા માટે?

**જ. બાજોઠ, શય્યા, સંસ્તારક કારણ કે ગોશાલકે ભગવાન મહાવીરના સત્ય, યથાર્થ ભાવોથી ગુણકીર્તન કર્યા હતા. તેથી પોતાની કુંભશાળામાં નિવાસ કરાવ્યો.**

૨. સકડાલ પુત્ર માટીના વાસણ કેવી રીતે તૈયાર કરતા હતા?

**જ. પહેલા માટીને ભેગી કરીને, તેને પલાળીને, તેમાં રાખ અને છાણ મેળવીને, ત્યારપછી તેને ખૂંદીને બધું ભેગું કર્યું. આ તૈયાર કરેલી ભીની માટીને ચાકડા પર ચડાવીને વિવિધ પ્રકારના વાસણ તૈયાર કરતા હતા.**

૩. બહુપુત્રિકાની ઋદ્ધિ ક્યાં સમાઈ ગઈ? કેવી રીતે?

**જ. શરીરમાંથી નીકળી હતી અને શરીરમાં પાછી સમાઈ ગઈ. જેવી રીતે કોઈ ઉત્સવ વગેરેને કારણે ભેગા થયેલ લોકો વરસાદ પડશે તેવી શંકાથી કૂટાગારશાળામાં સમાઈ જાય છે તેમ દેવઋદ્ધિ બહુપુત્રિકા દેવીના શરીરમાં સમાઈ ગઈ.**

૪. ભદ્રા સાર્થવાહે સુવ્રતા સાધ્વીને શું કહ્યું?

**જ. હે દેવાનુપ્રિય! મારી પ્રિય પત્ની સંસારથી ઉદ્વિગ્ન થઈને અસાર સંસાર ત્યાગીને આપની પાસે દીક્ષા લેવા તૈયાર થયેલ છે. તેથી હું આપને તે ભિક્ષામાં આપી રહ્યો છું. આપ તેનો સ્વીકાર કરો.**

૫. એક વાક્યમાં જવાબ આપો – ૧) આપણે શેનું પાલન કરવાવાળી સાધ્વીજીઓ છીએ?

**જ. ૫ સમિતિ ૩ ગુપ્તિનું પાલન કરવાવાળી ગુપ્ત, બ્રહ્મચારિણી સાધ્વીજીઓ**

૨) ભગવાન મહાવીર ત્રણ લોક દ્વારા શું છે?

**જ. સેવિત અને પૂજિત**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. લોભને કહેજો ......... **પાના નં. ૫૭ કડી ૪**

૨. તું ધર્મભાનુ .......... **પાના નં. ૫૮ કડી ૫**

૩. સંસારના ........ શાને રંગાવું. **પાના નં. ૫૭/૫૮ કડી ૧**

૪. નાની સાધુ વંદનાની રચના કયા ગામમાં ક્યારે કરી, તે લખી કઈ કડીમાં આવે છે તે કડી લખો.

**જ. બુસી ગામ,૧૮૩૮, ચોમાસામાં, કડી ૧૦**